# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CHANDOLA DEMOLITION

ચંડોળા તળાવ વિસ્તારમાં ડિમોલેશિન મુદ્દે આજે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલિસવડા તથા પોલિસ અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી.

ગૃહ રાજ્યમંત્રીના કાર્યાલયમાં મળેલી આ બેઠકમાં કલેકટર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં અધિકારીઓ હાજર રહ્યા હતા.

અમદાવાદ પ્રશાસન અને પોલીસના અધિકારીઓ વિડિયો કોન્ફરન્સિંગથી બેઠકમાં જોડાયા હતા.

. . . . . . . . . . . .

# ANAND BANGLADESHI

સમગ્ર રાજયમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓને પકડવાની ઝૂંબેશનાં ભાગરૂપે આણંદ જિલ્લાનાં આંકલાવ પોલીસે ઇંટોના 14 ભઠ્ઠાઓમાં શોધખોળ હાથ ધરી હતી. આ દરમિયાન 161 શકમંદોની અટકાયત કરવામાં આવી હતી.

પોલિસે તેમની સાચી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે તેમનાં આધાર કાર્ડ, નાગરીકત્વના પુરાવાઓ, રેશન કાર્ડ તેમજ મોબાઇલ ફોનની ટેકનીકલ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . .

# AHMEDABAD IMPACT FEE

અમદાવાદ શહેરમાં યોજાયેલા લોકદરબારમાં 351 કેસોનો નિકાલ કરી 6 કરોડ 51 લાખ રૂપિયાની ઇમ્પેક્ટ ફી વસૂલવામાં આવી છે. ગેરકાયદે બાંધકામને કાયદેસર કરાવવા માટે એક હજાર 350 નાગરિકોએ માહિતી મેળવી છે. જ્યારે 345 અરજીઓમાં જરૂરી નાણાં જમા કરાવવા ચલણ આપવામાં આવ્યા છે. 175 જેટલા કેસોમાં જરૂરી ઇમ્પેક્ટ ફી પેટે નાણાં જમા કરાવ્યા હોવાથી નિયમિતતાના પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવવામાં આવ્યો છે, જે અંતર્ગત અમદાવાદ શહેરમાં નાગરિકોને ઇમ્પેક્ટ ફી ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરાવવા માટે સમજણ તેમજ અરજીની પ્રક્રિયા માટે લોક દરબારનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . .

# Somnath Sthapna Divas

આજે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના 75' મા સ્થાપના દિવસની તીથી અનુસાર ભારે ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી.

આજે મંદિરના 75મા સ્થાપના દિવસ નિમિત્તે સરદાર વંદના અને સરદારશ્રી ને પૂષ્પાંજલી અર્પણ કરીને સોમનાથ મંદિરનું પૂજન કરીને નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું.

આજે વિશેષ સંધ્યા આરતી સમયે મહાશ્રૃંગાર કરી સોમનાથ મહાદેવને દીપમાળા અર્પણ કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# DWARKA POSITIVE STORY

**સરકારની આશીર્વાદરૂપ "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના"ની નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે જેનુ ઉદાહરણ છે દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ધરમપુર ગામ ના પ્રવિણભાઇ ચોપડા. શાકભાજીનો ધંધો કરનારા પ્રવિણભાઇને હ્રદય સંબંધિત બિમારીનું નિદાન થયું હતું.. તે અને તેમનો પરિવાર ચિંતામાં પડ્યો હતો પરંતુ આયુષ્માન ભારત યોજનાના ગોલ્ડન કાર્ડને કારણે અતિઆધુનિક ખાનગી હોસ્પિટલ માં નિ:શૂલ્ક સારવાર મળતાં આજે તેઓ સ્વસ્થ છે અને તેઓ સરકારનો આભાર માની રહ્યાં છે.**

(બાઈટ - પ્રવિણભાઇ ચોપડા લાભાર્થી)

. . . . . . . . . . . . .

# POST SEVA

ભારતીય ટપાલ વિભાગે મહેસાણા ખાતે જ્ઞાન પોસ્ટ નામે નવી સેવા શરૂ કરી છે. આ સેવા હેઠળ વિદ્યાર્થીઓ માટેના અભ્યાસક્રમો, પરીક્ષાલક્ષી પુસ્તકો અને માન્ય યુનિવર્સિટીઓ દ્વારા પ્રકાશિત સામાજિક સાંસ્કૃતિક અને ધાર્મિક સાહિત્ય હવે ઓછા દરે દેશભરમાં મોકલી શકાશે.

જ્ઞાન પોસ્ટ હેઠળ બુક કરાયેલી સામગ્રીઓ રોડ માર્ગે વહન થશે. વજન ઓછામાં ઓછું 300 ગ્રામ અને વધુમાં વધુ 5 કિલોગ્રામ હોવું જોઈએ. વજન પ્રમાણે ચાર્જ નક્કી કરાયો છે. 300 ગ્રામ સુધી 20 રૂપિયા 300 થી 500 ગ્રામના 25 રૂપિયા 500 થી 1 કીલોગ્રામના રૂપિયા 35, 1 થી 2 કીલોગ્રામના 50 રૂપિયા, 3 કીલોગ્રામના 65 રૂપિયા, 4 કીલોગ્રામના 80 રૂપિયા અને 4 થી 5 કીલોગ્રામના 100 રૂપિયા સુધી ચાર્જ લેવામાં આવશે. મોકલેલી વસ્તુને ઓનલાઈન ટ્રેક અને ટ્રેસ પણ કરી શકાશે.

. . . . . . . . . . . .

# AHMEDABAD NOTE

અમદાવાદના સાણંદમાંથી રદ કરાયેલી 500 અને 1000ની ચલણી નોટોના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા છે. પોલીસે તેમની પાસેથી 500ના દરની 29 હજાર 756 નોટ એટલે એક કરોડ 48 લાખ 78 હજાર રૂપિયાની નોટો તથા એક હજારના દરની 4 હજાર 154 નોટો જેની કીંમત 41 લાખ

54 હજાર રૂપિયાની નોટો જપ્ત કરી હતી. આ અંગે પોલીસ વધુ તપાસ શરૂ કરી છે.

. . . . . . . . . . . .

# ANAND HOTEL

આણંદ મહાનગરપાલિકાએ સામરખા ચોકડી પાસેની હોટલ એકતા અને રેલવે સ્ટેશન વિસ્તારની હોટલ નિશાંતને સીલ કરી છે. મનપાના આરોગ્ય વિભાગની ટીમે આ હોટલો ખાતે વાસી ફુગવાળો ખોરાક, જરૂરી સ્વચ્છતાનો અભાવ ધ્યાને આવતા કાર્યવાહી કરી છે. હોટલ, રેસ્ટોરન્ટ અને ખાણીપીણીના એકમો સ્વચ્છતા રાખે તે માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . .

# DANG SHABRI DHAM

**ડાંગ જિલ્લાનાં મુખ્યમથક આહવા ખાતે  શાસ્ત્રોક વિધિ વિધાન સાથે માઁ શબરી ભવનનો લોકાર્પણ કાર્યક્રમ ડાંગ જિલ્લાનાં પાંચેય રાજવીઓના અધ્યક્ષ સ્થાને  યોજાયો હતો. સાધુ સંતો મહંતોની ઉપસ્થિતમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજવીઓ અને સાધુ**

**સંતોએ યુવાનોમાં સંસ્કાર સિંચન અને શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો..**

. . . . . . . . . . . . .

# TEACHER SANMAN

ઉત્તમ શૈક્ષણિક કાર્ય, નવીન પ્રયોગો, સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય હોય તેવા પ્રાથમિક શિક્ષકોને રાજ્ય સરકાર સન્માનિત કરશે. શિક્ષણ વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર આગામી 15મી ઓગષ્ટે જિલ્લા કક્ષાએ શિક્ષકોને ‘પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર’ આપી સન્માનિત કરાશે. આગળના શૈક્ષણિક વર્ષના મૂલ્યાંકનના આધારે દરેક ક્લસ્ટર દીઠ એક શિક્ષક-મુખ્ય શિક્ષકની પસંદગી કરાશે.

પ્રતિભાશાળી શિક્ષક માટે કોઈ ન્યૂનતમ સેવા ધ્યાને લેવાની રહેશે નહી અને સેવાકાળ દરમિયાન એક જ વખત પ્રમાણપત્ર મળવાપાત્ર રહેશે. મૂલ્યાંકનના ૧૦૦% પૈકી ૮૦% ભારાંક માટે જિલ્લા કક્ષાના વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ઉપલબ્ધ ડેટામાંથી શિક્ષક પોતાની હાજરી, તેમના ધોરણના વિદ્યાર્થીઓની હાજરી, એકમ કસોટી ગુણાંકન, ગુણોત્સવ- સ્કૂલ એક્રેડિટેશનના મૂલ્યાંકન, સત્રાંત પરીક્ષાનું પરિણામ, વાર્ષિક પરિક્ષાનું પરિણામ વગેરે બાબતોના ડેટાના આધારે મૂલ્યાંકન કરાશે.

. . . . . . . . . . . .